# મે. સુરતના ૧૩માં એડી.સીની.સીવીલ જજ અને એ.સી.જે.એમ,સુરત કલાસ સાહેબની કોર્ટમાં, સુરત.

ફોજ. કેસ નં. **૪૪૭૨૭/૨૦૨૨**

આંક–૪

**ફરીયાદી :– સરકારશ્રી**

વિરૂધ્ધ

**આરોપી :–** રાકેશભાઈ ઉર્ફે ગુરુચરણ ઉગનદાસ

**ગુનો–<u>ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનો</u>**

## :: <u>ચુકાદો</u> ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પોતાની ઓટો રીક્ષાની ડ્રાઈવર સીટ ઉપર ૩ પેસેન્જર બેસાડી ઓટો રીક્ષા પુરઝડપે અને ગફલતભરી રીતે અને બેદરકારી રીતે સહદારીઓની જીંદગી જોખમમાં મુકાય તે રીતે ભયજન રીતે હંકારી લઈ આવતા ઈ.પી.કો કલમ –૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવે છે. આરોપીએ પોતાનો ગુનો કબુલ કરવા માગતા હોવાનુ જાહેર કરી પુરશીસ રજુ કરેલ છે, જે સંદર્ભે આરોપીની કબુલાત પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ,તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતાં જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા ધ્યાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો,ગુનાની હકીકતો અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ મુજબ ઈ.પી.કો.કલમ–૨૭૯ મુજબનો ના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને

આરોપી ને  રૂા. ૨૦૦/–  (અંકે રૂપિયા બસો પુરા) પુરાનો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરેતો દિન–૧ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૧મી માહે ફેબ્રુઆરી સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૧–૦૨–૨૩
સુરત.

**( કુ.જે.વી.શાહ)**
**૧૩માં એડી.સીની.સીવીલ જજ**
**અને એ.સી.જે.એમ,સુરત**